# ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ

Indian Youth Congress

રાજીવ ગાંધી ભવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬



**મુકેશ આંજણા**

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ મહામંત્રી

ચેરમેન ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ મીડીયા વિભાગ


**અખબારી યાદી** **તા. ૧૨-૦૪-૨૦૨૫**

- **યુવા કોંગ્રેસની મેમ્બરશીપની જાહેરાત કરવામાં આવી**
- **તારીખ 21 એપ્રિલથી લઈને 30 એપ્રિલ સુધી યુવા કોંગ્રેસની ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઉમેદવારી પત્ર ભરી શકશે.**

ભારતીય યુવા કોંગ્રેસ દ્વારા રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત રાજ્યમાં યુથ કોંગ્રેસ દ્વારા વિધાનસભા,તાલુકા, જિલ્લા અને રાજ્યસ્તરે મેમ્બરશીપ લોન્ચ કરીને પૂર્ણ રીતે આંતરિક ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાત રાજ્યમાં યુવા કોંગ્રેસની સંગઠનાત્મક ચૂંટણીની જાહેરાત કરતા સજ્જાદ તાંરીખએ જણાવ્યું હતું કે ગુજરાતમાં યુવા કોંગ્રેસ ચૂંટણી પ્રક્રિયામાં સદસ્યતા અભિયાનની શરૂઆત કરવામાં આવનાર છે અને તેમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાય તે માટે આહવાન કર્યું હતું.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે યુવા કોંગ્રેસની ચૂંટણી પ્રક્રિયામાં મેમ્બરશીપ ઓનલાઈન કરવામાં આવશે અને તાલુકા, વિધાનસભા, જિલ્લા અને રાજ્યસ્તરે મેમ્બરશીપની શરૂઆત કરીને યુવાનોને જોડવાનું કામ કરવામાં આવશે. આ યુવા કોંગ્રેસની ચૂંટણી પ્રક્રિયામાં 18 થી 35 વર્ષની વયના યુવાનો નોમિનેશન કરી શકશે. આ યુથ કોંગ્રેસની ચૂંટણી પ્રક્રિયામાં પોતાની ઉમેદવારી એપ્રિલ મહિનાની 21 તારીખથી 30 તારીખ સુધી નોંધાવી શકશે. ત્યાર બાદ મેમ્બરશીપની શરૂઆત કરવામાં આવશે પણ તેની કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

આ પ્રસંગે ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય મંત્રી શશીસિંહ અને ભારતીય યુવા કોંગ્રેસના ઈલેક્શન કમિશનના સભ્યો હાજર રહ્યા હતા.

(મુકેશ આંજણા)